# આસપાસ ચોપાસ

## ગામમાં વિવિધ જ્ઞાતિઓના લોકો ભકિતભાવપૂર્વક શ્રધ્ધા અને સમરસતાથી ધાર્મિક ઉત્સવો ઉજવે છે









ગામમાં ઘણા તહેવારોની ઉજવણી થાય છે..આસો માસમાં ગામમાં નવરાત્રિના પ્રારંભે જ ગામની વચ્ચે માતાજીની સ્થાપના કરવામાં આવે છે.રાત્રે ગરબા ગાવામાં આવે છે.બેસતા વર્ષેના દિવસે ગામમાં ઉત્સવ જેવો માહોલ સર્જાય છે.ગામમાં ભગવાન રણછોડરાયનુ ભવ્ય મંદિર આવેલું છે.જયાં બેસતા વર્ષેના દિવસે સમગ્ર ગામ દર્શન માટે ઉમટતાં મોટો ઉત્સવ ઉજવાય છે.આ સિવાય ગામમાં સ્વામિનારાયણ મંદિર, ભાથીજી મહારાજ મંદિર મહાદેવનું મંદિર આવેલા છે. પ્રારંભકાળથી જ વિવિધ જ્ઞાતિના સમુદાયો આ ગામમાં એક જુથ બની જીવન વિતાવતા આવ્યા છે.. સામાજીક અને ધાર્મિક ઉત્સવો વખતે આ સમગ્ર જ્ઞાતિના લોકો એક છત્રછાયા નીચે અરસપરસ જોડાઇને ઉત્સવો અને અવસરો ઉજવતા આવ્યા છે. ગામમાં રહેતા વિવિધ જ્ઞાતિઓના લોકો “બિનસાંપ્રદાયિકતા “ ની ભાવનાથી પોતાની આસ્થા અને શ્રધ્ધાથી દેવ-દેવીઓની પૂજા-અર્ચના કરતા આવ્યા છે. ગામમાં વિવિધ ઉત્સવો, મેળાઓ અને ગામ ઉજવણીના ઉત્સવો સૌ ગ્રામજનો “ગામ એક પરિવાર” ની ભાવનાથી આનંદ સાથે ઉત્સવોને માણતા આવેલા છે. ગામ ના લોકો ધા આધ્યાત્મિક બાબતમાં હંમેશા ઉત્સાહી અને અગ્રેસર રહે છે . ગામમાં વિવિધ આધ્યાત્મિક પ્રવૃત્તિઓ ચાલે છે જેમાં બાળમંડળ યુવક મંડળ અને સત્સંગ મંડળની અઠવાડિક સભાઓ થાય છે.

## ડાંગરના પાકથી ખેડુતોને મબલખ આવક થવાથી ખેતી મુખ્ય આધાર સમાન



ગામના ખેડૂતો ડાગરની ખેતી કરી લાખોની કમાણી કરી રહ્યા છે. ગામના મોટાભાગના ખેડૂતો પોતાની જમીનમાંથી દર વર્ષે માતબર પ્રમાણમાં ડાગરનું ઉત્પાદન મેળવે છે. ડાંગરની ખેતીમાં દરેક ખેડૂત મોટો આર્થિક સમૃદ્ધિના મુખ્ય સ્ત્રોત છે.

પરંપરાગત ખેતીથી અલગ રીતે કંથારીયાના પ્રગતિશીલ ખેડૂત કઇક અલગ કરી રહ્યા છે. તમાકુની ખેતી માટે પ્રખ્યાત ચરોતર પ્રદેશના બોરસદ તાલુકાના ધોબીકુઈના ખેડૂતો ડાંગરની ખેતી કરી રહ્યાં છે. તેઓ માતબર પ્રમાણમાં ઉત્પાદન કરે છે.

આમ ગામના ખેડૂતો ડાંગરની ખેતીમાંથી અઢળક આવક મેળવે છે. બાપ-દાદાના સમયથી થતી તમાકુની પરંપરાગત ખેતીથી અલગ રીતે વર્તમાન ખેડૂતોએ ખેતી પધ્ધતિ અપનાવી છે. ખેતીમાં જબરદસ્ત બદલાવ લાવીને મબલખ ઉત્પાદન મેળવ્યું છે. ડાંગરની ગુણવત્તા પણ ઉત્તમ હોવાથી ખેત ઉપજની નિકાસ સારા વળતર સાથે થાય છે.

## પ્રાથમિક શાળા ધોબીકુઇના શિક્ષણ થકી અનેક વિધાર્થીઓએ પોતાની કારકિર્દી ઉજ્જવળ બનાવી છે




### શાળાના નિર્માણ માટે દાતા તરફથી ફળદ્રુપ અને ઉપજાઉ જમીનની સખાવત કરી દેવામાં આવી હતી

વર્ષો અગાઉ ધોબીકુઇ ગામમાં પ્રાથમિક શિક્ષણ માટે સગવડતા નહોતી, એવા કપરા સમયમાં ગામમાં વસવાટ કરતા પટેલ મોતીભાઈ જીજીભાઇ અને અંબાલાલ જીવાભાઈ પટેલ પરિવારે દિર્ઘદ્રષ્ટિ કેળવીને પોતાની કિંમતી જમીન શિક્ષણ હેતુસર સમર્પિત કરી દીધી હતી. ગામમાં પાદરે આવેલ કીંમતી જમીન શાળાના બાંધકામ માટે સરકાર હસ્તક કરી આપી હતી. ગામમાં શિક્ષણ માટે વર્ષ ૧૯૨૧ની ૧૨મી ફેબ્રુઆરીએ પહેલ કરીને પ્રાથમિક શિક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું. ધોબીકુઇ પ્રાથમિક શાળામાં સમયાંતરે દાતાઓ દ્વારા વિવિધ પ્રકારે સખાવત કરવામાં આવી છે. નવા ઓરડાના બાંધકામ માટે ચીમનભાઈ મોતીભાઈ પટેલ, મુખ્ય દરવાજાના બાંધકામ માટે મણીભાઈ મોતીભાઈ પટેલ, પાણીની ટાંકી માટે રશ્મિકાન્ત ચીમનભાઈ પટેલ, પાણીના બોર માટે નરેન્દ્રભાઈ રમેશભાઈ પટેલ, સોલર પેનલ માટે મનીષભાઈ અંબાલાલ પ્રજાપતિ સહિતના દાતાઓ દ્વારા દાન આપવામાં આવ્યું છે.



ધોબીકુઇ ગામની ભાગોળ વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળામાં શૈક્ષણિક કાર્ય ઉપરાંત બાળકના સર્વાંગી વિકાસ માટે શિક્ષણેત્તર પ્રવૃત્તિઓનું આયોજન તબક્કાવાર-પ્રસંગાનુસાર કરવામાં આવે છે. પ્રત્યેક બાળક અનન્ય વ્યક્તિત્વ ધરાવે છે. અને પ્રત્યેક વ્યક્તિત્વની પોતીકી શક્તિ હોય છે, આ શક્તિઓ આંતરિક હોય છે. કેળવણીનું કાર્ય આ શક્તિઓને બહાર કાઢવાનું છે. આ ઉદાત્ત ધ્યેય પૂર્ણ કરવા-સિદ્ધ કરવા જુદી જુદી સમિતિઓ દ્વારા જુદીજુદી પ્રવૃત્તિઓ થાય છે. શાળાકીય સમિતિઓ બનાવવામાં આવી છે. પ્રાથમિક શિક્ષણ ઘર આંગણે જ મેળવ્યા બાદ આગળ વધું ઉચ્ચ અભ્યાસ કરીને ઘણા વિદ્યાર્થીઓએ ઉજ્જવળ ભવિષ્ય બનાવ્યું છે. બાળકોમાં શૈક્ષણિક અભ્યાસ સાથે અન્ય કૌશલ્ય વિકાસ પામી શકે તે માટે શાળામાં વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી છે. પ્રાથમિક શિક્ષણ માટે ગામમાં જ ધોરણ 1થી 8 સુધી સુવિધા ઉપલબ્ધ છે. બાળકોને સ્થાનિક ગામમાં જ પાયાના શિક્ષણનો લાભ મળે તે માટે સરકારી પ્રાથમિક શાળા કાર્યરત છે. શાળામાં નિયમિત પણે શિક્ષકો પોતાની ફરજ બજાવીને બાળકોની શૈક્ષણિક કારકિર્દી ઉત્તમ બને તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. પ્રાથમિક શાળાનુ મકાન પણ નવું બનાવવામાં આવ્યું છે. શાળા ખાતે જ બાળકોને પીવાના પાણીની, મધ્યાહન ભોજન સહિતનો લાભ મળે છે. શાળા ખાતે વિવિધ પ્રવૃતિઓ અને ઉજવણી થકી બાળકોનું કૌશલ્ય વિકસે તે માટે અવનવા કાર્યક્રમો આયોજિત કરવામાં આવે છે. શાળા ખાતે એસ એમ સી સમિતિ પણ કાર્યરત છે. જે શાળામાં વિકાસકાર્યો અને શૈક્ષણિક કાર્યો બાબતે સજાગતા રાખે છે.

### શાળા ખાતે એસએમસી સમિતિ કાર્યરત છે જે શૈક્ષણિક કાર્યો સંદર્ભે સજાગતા રાખે છે

ધોબી કુઇ પ્રાથમિક શાળામાં શાળા વ્યવસ્થાપન સમિતિમાં અધ્યક્ષ તરીકે રાધાબેન અરવિંદભાઈ સોલંકી, ઉપાધ્યક્ષ ભાઈલાલભાઈ હિંમતભાઈ પઢિયાર, સભ્ય સચિવ વિનોદભાઈ જશુભાઈ જાદવ (આચાર્ય) જવાબદારી સંભાળે છે. જ્યારે શિક્ષણવિદ્ તરીકે ચંદ્રકાન્ત ડાહ્યાભાઈ પટેલ, ગ્રામ પંચાયત સભ્ય દક્ષાબેન સુનિલભાઈ પટેલ, અન્ય સભ્ય પદે વાલી તરીકે લક્ષ્મીબેન ફતેસિંહ પઢિયાર, તેજુબેન હસમુખભાઈ ચૌહાણ, ગીતાબેન જયેશભાઈ સોલંકી, અનિતાબેન રાજુભાઈ ઠાકોર, શોભનાબેન સુરેશભાઈ સોલંકી, કાનજીભાઈ રાવજીભાઈ પરમાર અને શિવાભાઈ પુંજાભાઈ સોલંકીની નિમણુંક કરવામાં આવી છે.




ધોબીકુઈ પ્રાથમિક શાળાના આચાર્ય વિનોદભાઈ જાદવને શિક્ષણ અને સામાજિક ક્ષેત્રેની વિશિષ્ટ-પ્રશંસનીય સેવાઓને લાયન્સ કલબ દ્વારા પુરસ્કૃત કરીને સન્માન કરવામાં આવ્યું છે. તેઓએ યુવા પેઢીમાં શૌર્ય, સમાનતા અને આત્મગૌરવ સ્થાપિત થાય તેમજ બાળકોમાં રાષ્ટ્ર સર્વોપરિતાની ભાવના દ્રઢ બને એવા ભાવથી નાગરિક-ઘડતરનું કાર્ય નિષ્ઠા સાથે કર્યું છે. લાયન્સ કલબ્સ ઈન્ટરનેશનલ, ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ એફ-૧ અને તેમાંની ગૌરવવંતી લાયન્સ કલબ ઓફ આણંદ યુવા દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું.



## પશુપાલન અપનાવી ધોબીકુઈના અનેકપરિવારોઆત્મનિર્ભરબન્યા

ધોબીકુઈ ગામમાં ખેતીની સાથે પશુપાલન વ્યવસાય અનેક પરિવારો માટે આર્થિક આવકનું મહત્વનું માધ્યમ બનેલું છે. ધોબીકુઈ ગામમાં સ્થાનિક રહેવાસીઓ માટે દૂધ ઉત્પાદન આવકનો મુખ્ય સ્ત્રોત છે. ગામના ખેડૂત પરિવારો ખેતીની સાથે ગાય-ભેંસનું પાલન કરી દૂધ ઉત્પાદન દ્વારા નિયમિત આવક મેળવવા પરિશ્રમ કરી રહ્યા છે. ધોબીકુઈ ગામના પશુપાલકો દ્વારા ઉત્પાદિત દૂધ ગામમાં જ આવેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં નિયમિતપણે જમા કરવામાં આવે છે.

પશુપાલનના વ્યવસાયમાં પરિવારના સભ્યોની સાથે છૂટક મજૂરી કરતા મજૂર વર્ગનો પણ સહયોગ લેવામાં આવે છે. દૂધ મંડળી પશુપાલકો અને ખેડૂતો વચ્ચે મહત્વની કડી તરીકે કામગીરી કરી રહી છે. દૂધના નિયમિત વેચાણથી પશુપાલકોને દૈનિક તથા નિયમિત આવક પ્રાપ્ત થતી હોવાથી ઘરખર્ચ, બાળકોનું શિક્ષણ, પશુઓના ઘાસચારા અને આરોગ્ય સહિતની જરૂરિયાતો પૂરી કરવામાં સહાય મળી રહી છે. મંડળીના વ્યવસ્થાપક કમિટીના ચેરમેન, વાઈસ ચેરમેન તથા સભ્યોની દુરંદેશી અને સંયુક્ત પ્રયાસોના પરિણામે ગામની આર્થિક ઉપાર્જનની મહત્વની સંસ્થા તરીકે દૂધ ઉત્પાદક સહકારી મંડળી ધીમે ધીમે પ્રગતિના માર્ગે આગળ વધી છે. પશુપાલકોને વધુ સારી સુવિધા મળી રહે અને દૂધ સંગ્રહ તથા મંડળીની કામગીરી વધુ સુવ્યવસ્થિત બને તે માટે જૂના મકાનના સ્થાને અદ્યતન સુવિધાઓ સાથે નવા મકાનનું નિર્માણ કરવામાં આવ્યું છે. નવા મકાનના નિર્માણથી દૂધ મંડળીની કામગીરી માટે વધુ સુવિધાજનક વાતાવરણ ઊભું થયું છે.હાલમા ધોબીકુઈમાં સહકારી દૂધ મંડળી ગ્રામ્ય આર્થિક વિકાસનું મજબૂત કેન્દ્ર છે. દુધ ઉત્પાદક સહકારી મંડળી ચેરમેન તરીકે કલ્પનાબેન અલ્પેશભાઈ ભોઈ, વા. ચેરમેન તરીકે ધીરૂભાઈ મગનભાઈ સોલંકી જવાબદારી સંભાળે છે. જ્યારે વ્યવસ્થાપક કમિટિ સભ્ય તરીકે સરોજબેન નરેશભાઈ પ્રજાપતી, ક્રિશ્નાબેન રજનીભાઈ પટેલ, સંજયભાઈ ભગુભાઈ પટેલ, જગદીશભાઈ અંબાલાલ સોલંકી, રમણભાઈ હિંમતભાઈ પઢિયાર, અર્જુનભાઈ ઉદેસિંહભાઈ સોલંકી, ભઈલાલભાઈ છોટાભાઈ સોલંકી, અરવિંદભાઈ રામાભાઈ ભોઈ, પ્રવિણભાઈ છગનભાઈ સોલંકી નિયુક્ત છે. સેક્રેટરી તરીકે હીરેનભાઈ પટેલ જવાબદારી સંભાળે છે.

## ધોબીકુઈ ગ્રામ પંચાયત દ્વારા ગ્રામજનોની સુખાકારી માટે અનેકવિધ સરકારી યોજનાઓ અમલમાં મુકાઈ છે





બોરસદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલું ધોબીકુઈ ગામ છેલ્લા કેટલાક વર્ષોમાં પાયાની સુવિધાઓના વિકાસની દિશામાં નોંધપાત્ર રીતે આગળ વધ્યું છે. ગામમાં સમયાંતરે કરવામાં આવેલા વિકાસકાર્યોના પરિણામે આજે ગ્રામજનોને જીવનજરૂરિયાતની અનેક મૂળભૂત સુવિધાઓ તેમના રહેઠાણની નજીક જ મળી રહે છે. ગામ નાનું હોવા છતાં લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સુવિધાઓ ઊભી કરવામાં આવી હોવાથી જનસુખાકારીની દૃષ્ટિએ ધોબીકુઈ ગામ આગવું સ્થાન ધરાવે છે. ગામના સૌથી મહત્વના વિકાસકાર્યોમાં ઘરે ઘરે નળ દ્વારા પીવાનું પાણી પહોંચાડવાની વ્યવસ્થાનો સમાવેશ થાય છે. ગ્રામ પંચાયત દ્વારા પીવાનું શુદ્ધ પાણી ગ્રામજનોને નિયમિત રીતે મળી રહે તે માટે પાણી પુરવઠાની વ્યવસ્થા જાળવવામાં આવે છે. પરિણામે મહિલાઓ સહિત ગ્રામજનોને દૂરથી પાણી લાવવાની મુશ્કેલીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ગામના વિવિધ વિસ્તારોમાં બ્લોક તથા આરસીસી રસ્તાઓ બનાવવામાં આવ્યા છે. મોટાભાગના ફળિયાઓમાં બ્લોક નાખવામાં આવ્યા હોવાથી વરસાદી માહોલમાં પણ અવરજવરમાં સરળતા રહે છે. સાથે જ અનેક વિસ્તારોમાં ગટર વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે, જેના કારણે વરસાદી પાણી તથા ગંદા પાણીના નિકાલની સમસ્યામાં પણ રાહત મળી છે.. ગ્રામજનોની દૈનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આગામી દિવસોમાં પણ જનસુખાકારીને લગતી વધુ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે ગ્રામ પંચાયત દ્વારા આયોજન અને પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. નાનું ગામ હોવા છતાં ઉપલબ્ધ સંસાધનો અને જરૂરિયાતોને અનુરૂપ વિકાસકામો કરવામાં આવતા ધોબીકુઈમાં ધીમે ધીમે જીવનધોરણમાં સુધારો જોવા મળી રહ્યો છે. પાયાની સુવિધાઓનું સુવ્યવસ્થિત આયોજન અને સતત જાળવણી ગામના સર્વાંગી વિકાસ માટે મજબૂત પાયો બની રહ્યું છે.

**ગ્રામ પંચાયત ટીમ :** સરપંચ રીપલબેન અલ્પિતકુમાર પટેલ, ડે. સરપંચ ભીખાભાઈ આશાભાઈ ચૌહાણ, સભ્યો રાધાબેન અરવિંદભાઈ સોલંકી, સોહિલકુમાર યોગેશભાઈ પટેલ, નિલેશકુમાર પ્રકાશભાઈ પટેલ, દક્ષાબેન સુનિલભાઈ પટેલ, હેમાબેન દિનેશભાઈ ભોઈ, જીતુભાઈ રામાભાઈ હરિજન



(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)